**મુખ્ય ચાર્જશીટ ફો. કે. નં. ૧૩૧૭૪૭/૨૧**
**પુરવણી ચાર્જશીટ ફો.કે.નં.૩૫૬૩/૨૩**

सत्यमेव जयते

દાખલ કર્યા તારીખઃ ૧૩ /૧૦/૨૦૨૧
રજી. થયા તારીખઃ ૧૩ /૧૦/૨૦૨૧
કમીટલ હુકમ કર્યા તારીખઃ ૦૬/૦૬/૨૦૨૬

## ૨૯ મા એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ, કોર્ટ નં.૧૯, મુ. અમદાવાદ શહેર.

**મુખ્ય ચાર્જશીટ ફો. કે. નં. ૧૩૧૭૪૭/૨૧**
**પુરવણી ચાર્જશીટ ફો.કે.નં.૩૫૬૩/૨૩**
**આંકઃ**

**ફરીયાદીઃ–** **શ્રી સરકાર.**

**<u>વિરૂધ્ધ.</u>**

**આરોપીઃ–**

(૧) **યશ સ/ઓ વિશાલ કુમાર શાહ**
રહે. ૫૫, કેશવબાગ, મેઘાણીનગર,
ગર્વમેન્ટ કોલોની સામે, અમદાવાદ શહેર.

(૨) **દીપ સ/ઓ વિજયભાઈ હિંમતભાઈ ગોહીલ**
રહે. મ.નં. સી–૩–એ, ક્રીસ અતુલીય બંગલો,
હરીદર્શન ચોકડી પાસે, નવા નરોડા,
અમદાવાદ શહેર.

---

**ગુનોઃ ધી ઈ.પી.કો. કલમ–૩૦૭, ૩૨૬, ૨૯૪(ખ), ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ.**

---

## <u>–ઃ ક મી ટ લ હુ ક મ ઃ–</u>

---

(૧) ફરીયાદ પક્ષના કેસ મુજબ આ કામના આરોપીઓ વિરૂધ્ધ નવરંગપુરા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૬૨૧૧૧૫૯/૨૦૨૧ થી ધી ઈ.પી.કો. કલમ–૩૨૬, ૨૯૪(ખ), ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાનુ ચાર્જશીટ તપાસના અંતે અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે ઇ.પી.કો. કલમ–૩૦૭ મુજબનો ગુનાનો ઉમેરો કરવાની અરજી આવતા સદર ગુનાના કામે ઇ.પી.કો. કલમ–૩૦૭ મુજબના ઉમેરાની અરજી મંજુર કરવામાં આવેલ છે. જેથી

**મુખ્ય ચાર્જશીટ ફો. કે. નં. ૧૩૧૭૪૭/૨૧**
**પુરવણી ચાર્જશીટ ફો.કે.નં.૩૫૬૩/૨૩**

આરોપીઓ સામે ધી ઈ.પી.કો. કલમ-૩૦૭, ૩૨૬, ૨૯૪(ખ), ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો આક્ષેપીત ગુનો બનતો હોય જેમાં ઈ.પી.કો. કલમ-૩૦૭ મુજબ સજાને પાત્ર હોય અને સદર ગુનો સંપૂર્ણપણે નામદાર સેસન્સ અદાલતનાં ક્ષેત્રાધીકારનો હોવાથી સદરહુ કેસ નામદાર સીટી સીવીલ એન્ડ સેસન્સ કોર્ટ, અમદાવાદ તરફ કમીટ કરવો ન્યાયોચીત જણાતો હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-ઃ હુ ક મ ઃ-**

(૧) ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૯ અન્વયે આ કામના આરોપી સામેનો આક્ષેપીત ગુનો ધી ઈ.પી.કો. કલમ-૩૦૭, ૩૨૬, ૨૯૪(ખ), ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે નામદાર સીટી સીવીલ એન્ડ સેસન્સ કોર્ટ, અમદાવાદ તરફ સદરહુ કેસ કમીટ કરવામા આવે છે.

(૨) સદર કેસ સેસન્સ કમીટ કર્યાની જાણ ડી.જી.પી.શ્રીને કરવાનો હુકમ કરવામા આવે છે.

(૩) સદરહુ કામનું રેકર્ડ તથા મુદ્દામાલ નામદાર સીટી સીવીલ એન્ડ સેસન્સ કોર્ટ, અમદાવાદ તરફ મોકલી આપવાનો હુકમ કરવામા આવે છે.

(૪) આરોપીઓએ મુદ્દત તારીખઃ ૦૮/૦૭/૨૦૨૬ ના રોજ કલાકઃ૧૦-૪૫ વાગે નામદાર સીટી સીવીલ એન્ડ સેસન્સ કોર્ટ, અમદાવાદ ખાતે હાજર રહેવુ.

સદરહુ હુકમ આજ તારીખઃ ૦૬ ઠ્ઠી, માહે. જુન, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ: ૦૬ / ૦૬ / ૨૦૨૬.
સ્થળ:- અમદાવાદ શહેર.

**(શ્રીમતી ડી.આર.ઠાકુર )**
૨૯મા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૯, અમદાવાદ શહેર.
કોડ નં. જીજે.૦૧૨૪૧